| Re-Accredited **Grade-A** by NAAC (CGPA 3.05) | **Saurashtra University** | University Campus, University Road, **Rajkot - 360 005** Ph.0281 - 2578501 |
|---|---|---|

**વિષય** :- ધાર્મિક લઘુમતિ જાતિઓના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ માટેની ભારત સરકારની પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ તથા મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ યોજના બાબત.

**સંદર્ભ** :- (૧) નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરના પત્ર ક્રમાંક/વિજાક/શિક્ષણ/૨૦૧૬-૧૭/૩૪૨૧ થી ૩૪૫૩ તા.૧૯/૦૮/૨૦૧૬.

(૨) નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરના પત્ર ક્રમાંક/વિજાક/શિક્ષણ/૨૦૧૬-૧૭/૩૪૫૪ થી ૩૪૮૬ તા.૧૯/૦૮/૨૦૧૬.

<u>પરિપત્ર :-</u>

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવામાં આવે છે કે, સંદર્ભ-૧,૨ પરના પત્રો અન્વયે ધાર્મિક લઘુમતિ જાતિઓના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ માટેની ભારત સરકારની પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ તથા મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ યોજનાનો અમલ કરવાનો રહે છે. આ માટેની જરૂરી કાર્યવાહી સામેલ પત્રોમાં આપેલી સૂચના મુજબ કરવા જણાવવામાં આવે છે. જેની નોંધ લઇ યોગ્ય કાર્યવાહી નિયત સમયમર્યાદામાં કરવા વિનંતી.

(મુસદો કુલસચિવશ્રીએ મંજૂર કરેલ છે )

સહી/-
(ડૉ. ધીરેન ડી. પંડ્યા)
કુલસચિવ

<u>બિડાણ :</u>
સંદર્ભિત પત્રો - ૧,૨

નં. એસ.સી.-એસ.ટી. સેલ/૪૬/'૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
યુનિવર્સિટી રોડ,
<u>રાજકોટ.</u>
તા.૦૬/૧૦/'૧૬

રવાના કર્યુ
નાયબ કુલસચિવ
(એસ.સી.- એસ.ટી. સેલ)

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ.
(૨) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ.
(૩) માન્ય સંસ્થાઓના વડાઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ..........

<u>નકલ સાદર રવાના :</u>
(૧) માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.

<u>નકલ રવાના :</u>
(૧) જોડાણ વિભાગ
(૨) પી.જી. વિભાગ

ખાસ જરૂરી — જુદા નિકાલ

તાત્કાલિક — પુનઃ- Email

ક્રમાંક/ વિજાક/શિક્ષણ/૨૦૧૬-૧૭/ ૩૭૨૨ થી ૩૭૪૩

નિયામક. વિકસતી જાતિ કલ્યાણ
બ્લોક નં-૪/૩. ડૉ.જીવરાજ મહેતા ભવન.
ગુજરાત રાજય. ગાંધીનગર
ફોન નં.૨૩૨ ૫૩૨૬૫
E-MAIL: laghumati@gmail.com

તા.૧૯/ ૦૮ / ૨૦૧૬

પ્રતિ,

જિલ્લા નાયબ નિયામક, (વિ.જા.) .....................................

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) .......................................

વિષયઃ-ભારત સરકારની લઘુમતીઓના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિના વર્ષ ૨૦૧૬-૧૭ અમલ બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે ચાલુ વર્ષ ૨૦૧૬-૧૭માં ભારત સરકારની લઘુમતીના વિદ્યાર્થીઓન માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ અલ્પસંખ્યક કાર્ય મંત્રાલય, નવી દિલ્હીના તા.૧૨/૦૮/૨૦૧૬ના રોજ દિલ્હી ખાતે રાખવામાં આવેલ **National Scolarships Portal (N.S.P. 2.0) New Verson**ના વર્કશોપમાં થયેલી ચર્ચા તથા **Website, Registeration, Fresh-Renewal** અરજી પત્રકો વિગેરે ટૂંક સમયમાં **N.I.C.** દ્વારા કરવામાં આવનાર સુધારાઓ ધ્યાનમાં રાખીને નીચે મુજબ જિલ્લા કક્ષા / ઉચ્ચત્તર માધ્યમિક શાળા / કોલેજો / યુનિવર્સીટી મારફતે અમલ કરવાનો રહેશે.

➢ લઘુમતીના વિદ્યાર્થીઓ માટેઃ-

(૧) પોસ્ટ મેટ્રીક ધોરણ-૧૧ થી ૧૨, આઇ.ટી.આઇ. સ્નાતક, અનુસ્નાતક અને પી.એચ.ડી. સુધીના પોસ્ટ મેટ્રીક અભ્યાસક્રમો માટે **Online** ફોર્મ **scholarship.gov.in (N.S.P. 2.0)** પર ભરવાના રહેશે.

(૨) **Fresh** વિદ્યાર્થીઓએ નવુ રજીસ્ટ્રેશન કરી **GJ201617********** વાળુ **Parment ID** મળે તેના આધારે નવુ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.

(3) વર્ષ ૨૦૧૫-૧૬ના વિદ્યાર્થીના બેન્ક ખાતામાં શિષ્યવૃત્તિ જમા થઇ હોય તેવા વિદ્યાર્થીઓએ ફરજીયાત **Renewal** અરજી પોતાના ગત વર્ષના **Parment ID** તથા જન્મ તારીખને પાસવર્ડ તરીકે ઉપયોગ કરીને કરવાની રહેશે.

(૪) **Fresh – Renewal** બન્ને માટે આધાર નંબર, વિદ્યાર્થીનો પોતાના નામ સાથેનું વ્યક્તિગત નામ સાથેનું બેન્ક એકાઉન્ટ તથા તે બેન્ક એકાઉન્ટ **ONLINE** અરજી આપે તે આધાર નંબર સાથે બેન્કમાં લીન્ક **(Seeding)** કરાવવું ફરજીયાત છે.

(૫) હાલ **ONLINE** ડોક્યુમેન્ટ **Upload**માં ડોમીસાઇલ સર્ટીફીકેટ બતાવે છે. પરંતુ વર્કશોપમાં ચર્ચા થયા મુજબ ડોમીસાઇલમાં બદલે અરજીની હાર્ડકોપી સાથે રહેણાંકના પુરાવા અને ગુજરાતના વતની હોવા અંગેના રેશનકાર્ડની નકલ, લાઇટ બીલની નકલ, આધારકાર્ડની નકલ જેવા સાધનિક પૂરાવાઓ આપવાના રહેશે.

(૬) પોસ્ટ મેટ્રીક માં **ONLINE** અરજીમાં કોઈ ડોક્યુમેન્ટ **UPLOAD** કરવાના નથી. પરંતુ **ONLINE** ફ્રેશ/રીન્યુઅલ અરજી ભર્યા બાદ **Website**માં **Submit** કર્યા બાદ **PRINT OPTION** માં જઈ અરજીની પ્રિન્ટ લઈ અરજી સાથે અગાઉની જાહેરાત મુજબના જરૂરી આધાર પુરાવાઓ સામેલ કરી વિદ્યાર્થીએ પોતાની શાળા / કોલેજના આચાર્યશ્રી / પ્રિન્સિપાલશ્રી / રજીસ્ટારને / ઉચ્ચત્તર માધ્યમિક શાળા / કોલેજમાં / યુનિવર્સીટીમાં અરજીની હાર્ડ કોપી સાધનિક કાગળો સાથે નિયત સમય મર્યાદામાં આપવાની રહેશે.

(૭) લઘુમતી પ્રમાણપત્ર / ધર્મ અંગેનું સેલ્ફ ડીકલેરેશન, આવકનું પ્રમાણપત્ર / આવક અંગેનું સેલ્ફ ડીકલેરેશન, વાર્ષિક ફીની પહોંચ, ગતવર્ષની માર્કશીટની નકલ, આધાર કાર્ડની કોપી, બેન્ક એકાઉન્ટની પાસ બુકની કોપી વિગેરે જેવા ચાલું વર્ષની જાહેરાતમાં દર્શાવ્યા મુજબના તમામ સાધનિક પુરાવા હાર્ડકોપી સાથે સામેલ કરી પોતાની શાળા/ કોલેજમાં સમય મર્યાદામાં જમા કરવવાના રહેશે.

ઉપરોક્ત આધાર પુરાવાઓમાં કોઈ વિદ્યાર્થી/પિતા વાલી તરફથી ખોટી માહિતી પુરી પાડવામાં આવશે અને સરકારશ્રીના ધ્યાન પર આવ્યેથી અલ્પ સંખ્યક કાર્ય મંત્રાલય, નવી દિલ્હીની સુચના મુજબ તેઓ પર કાયદાકીય પગલા લેવામાં આવશે.

➢ ઉચ્ચત્તર માધ્યમિક શાળા / કોલેજો / યુનિવર્સીટી માટેઃ-

(૮) ગત વર્ષ જે ઉચ્ચત્તર માધ્યમિક શાળા / કોલેજો / યુનિવર્સીટી **National Scholarship Portal** પર રજીસ્ટર્ડ થઇ ગયેલ હોય તેઓને પોતાના ગત વર્ષના **User – ID / Passward** નો ઉપયોગ કરી **Fresh – Renewal** અરજી વેરીફીકેશન કરી **Forward** કરવાની રહેશે.

(૯) કોલેજના આચાર્યશ્રી / પ્રિન્સિપાલશ્રી / રજીસ્ટારને / ઉચ્ચત્તર માધ્યમિક શાળા / કોલેજમાં / યુનિવર્સીટીએ પોતાની શાળા / કોલેજ / યુનિવર્સીટીના તમામ વિદ્યાર્થીઓની અરજીની હાર્ડકોપી જરૂરી સાધનિક પૂરાવાઓ સાથેની સ્વીકારી સમય મર્યાદામાં પોતાને મળેલ તમામ અરજીઓ માટે કોલેજના આચાર્યશ્રી / પ્રિન્સિપાલશ્રી / રજીસ્ટારને / ઉચ્ચત્તર માધ્યમિક શાળા / કોલેજમાં / યુનિવર્સીટીના **USER ID** અને **PASSWORD**નો ઉપયોગ કરી અરજીની હાર્ડકોપીના આધારે **ONLINE** અરજી મંજુર / નામંજુર કરી આગળના લેવલે **FORWARD** કરવાની રહેશે. તેમજ હાર્ડ કોપી શાળા / કોલેજે રેકર્ડમાં રાખવાની રહેશે. જિલ્લા / રાજયના અધિકારીની મુલાકાતમાં અરજીઓ તપાસણી માટે રજુ કરવાની રહેશે.

(૧૦) પોસ્ટ મેટ્રીક નો **National Scolarships Portal (N.S.P. 2.0)** નો વર્ક ફ્લો નીચે મુજબ

વિદ્યાર્થી → શાળા/કોલેજ → જિલ્લો → રાજય → કેન્દ્ર.

(૧૧) ગત વર્ષે **National Scolarships Portal** માં રજીસ્ટર માટે બાકી રહેલ રાજયના સરકારી / ગ્રાન્ટ ઇન એઇડ / સ્વનિર્ભર / ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ / કોલેજો / યુનિવર્સીટીનો સમાવેશ થયેલ નથી. તેનું નવું રજીસ્ટ્રેશન, **User ID, Passward** આપવા માટે આ સાથેના નિયત ફોર્મ મુજબની માહિતી દરેક જિલ્લાને દિન-૧૦માં **Format** માં એકત્ર કરી તાત્કાલિક માહિતી શાળા / કોલેજ પાસેથી મેળવી લેવાની રહેશે.

(૧૨) **National Scolarships Portal (N.S.P. 2.0)** પર ઓપ્શન ઉપલબ્ધ થયેથી જિલ્લાઓને અને નવી રજીસ્ટર થનાર કોલેજના આચાર્યશ્રી / પ્રિન્સિપાલશ્રી / રજીસ્ટારને / ઉચ્ચત્તર માધ્યમિક શાળા / કોલેજમાં / યુનિવર્સીટીઓને **User ID, Passward** વેબ સાઇટમાં દર્શાવેલ સંબંધિત કાર્યવાહી મુજબ રાજય કક્ષાએ / જિલ્લા કક્ષાએથી આપવામાં આવશે.

ઉપરોકત સુચનાઓ સંબંધિત કોલેજના આચાર્યશ્રી / પ્રિન્સિપાલશ્રી / રજીસ્ટારને / ઉચ્ચત્તર માધ્યમિક શાળા / કોલેજમાં / યુનિવર્સીટીને જિલ્લા કક્ષાએથી તુરત જ વિગતવાર પરિપત્ર દ્વારા જિલ્લાનીતમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળા / કોલેજો / યુનિવર્સીટીઓને ઉપરોકત સુચનાઓ મોકલી આપવાની રહેશે. તેમજ રાજય સરકારની પોસ્ટ મેટ્રીક યોજના તેમજ મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનામાં અરજી કરેલ હોય, તેવા વિદ્યાર્થીઓ આ યોજના હેઠળ પણ આવરી લેવામાં ન આવે તે માટે ઉચ્ચત્તર માધ્યમિક શાળા / કોલેજો / યુનિવર્સીટીઓને વિગતવાર જાણ કરવાની રહેશે.

(૧૩) **National Scolarships Portal (N.S.P. 2.0)** ભારત સરકાર દ્વારા **N.I.C.** મારફતે ટેકનીકલ રીતે જરૂરી સુધારા વધારા થતા રહેતા હોય, તેમજ વેબસાઇટ અપગ્રેડેશન માં હોવાથી જે તે વખતના વિદ્યાર્થી, શાળા, કોલેજો, યુનિવર્સીટીઓ જિલ્લા કક્ષાએ, રાજય કક્ષાએ તે મુજબ **Online** કામગીરી કરવાની રહેશે.

(૧૪) પોસ્ટ મેટ્રીકની અલ્પસંખ્યક કાર્યમંત્રાલય દ્વારા આપવામાં આવેલી વર્ષ ૨૦૧૬-૧૭ની **Time Line** નીચે મુજબ છે.

૧ ધોરણ-૧૧ અને ૧૨ **Fresh – Renewal** તા.૩૦/૦૯/૨૦૧૬

૨ ધોરણ- ૧૧ અને ૧૨ સિવાયના તમામ કક્ષાના કોર્સ માટે **Fresh – Renewal** તા.૩૧/૧૦/૨૦૧૬

આપનો વિશ્વાસુ,

બિડાણ :- ઉપર મુજબ

નોંધ:- આજરોજ ક્રમ-૧૪ (૧) નો અરજી કરવાનો તારીખ તા. ૩૦/૯/૨૦૧૬ સુધી મુદત લંબાવવામાં આવેલ છે.

(નરેન્દ્ર ગુરૂન્ગ)
સંયુક્ત નિયામક
વિકસતી જાતી કલ્યાણ
ગુજરાત રાજય, ગાંધીનગર

| DEVELOPING CAST WELFARE DEPARTMENT GUJARAT STATE GANDHINAGAR | | |
|---|---|---|
| SCHOOL/COLLEGE/INSTITUTE REGISTRATION DETAILS | | |
| 1 | Institute Name (As per Dise/Aishe) | |
| 2 | Dise/Aishe Code | |
| 3 | Institute Nature | |
| 4 | Board/University Name | |
| 5 | Board State | |
| 6 | Course Level Offered | |
| 7 | Institute Address | |
| 8 | Institute State | GUJARAT |
| 9 | Institution District | RAJKOT |
| 10 | Institution Taluka/Block | |
| 11 | Institute Pin Code | |
| 12 | Registered Certificate પ્રથમ માન્યતાનો મંજુરી હુકમ સોફ્ટ ૧૦૦ kb સુધીમાં | |
| Contact Person Details | | |
| 1 | Name | |
| 2 | Mobile No. | |
| 3 | E-Mail | |

નોંધ :- -આ વિગતો સાથે શાળા/કોલેજ/સંસ્થાનો માન્યતા પત્ર/હુકમની નકલ ૧૦૦ kb સુધીમાં સોફ્ટકોપીમાં મોકલવી.

Course Level Offered માં નીચેઆપેલ લીસ્ટમાંથી કોઇ એક લખવાનું રહેશે.

1 School I-X STD 1 To 10 ← પ્રીમેટ્રીકમાં આજ લખવું
2 HSC / Intermediate 11-12
3 College Level

ખાસ જરૂરી

તાત્કાલિક

ક્રમાંક/ વિજાક/શિક્ષણ/૨૦૧૬-૧૭/૩૭૫૪ થી ૩૮૯

નિયામક. વિકસતી જાતિ કલ્યાણ
બ્લોક નં-૪/૩. ડૉ.જીવરાજ મહેતા ભવન.
ગુજરાત રાજય. ગાંધીનગર
ફોન નં.૨૩૨ ૫૩૨૬૫
**E-MAIL: laghumati@gmail.com**
તા.૨૯ / ૦૮ / ૨૦૧૬

પ્રતિ,

જિલ્લા નાયબ નિયામક, (વિ.જા.) ......................................

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) ......................................

વિષયઃ-ભારત સરકારની લઘુમતીઓના વિદ્યાર્થીઓ માટેની મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિના વર્ષ ૨૦૧૬-૧૭ અમલ બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે ચાલુ વર્ષ ૨૦૧૬-૧૭માં ભારત સરકારની લઘુમતીના વિદ્યાર્થીઓન માટેની મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ અલ્પસંખ્યક કાર્ય મંત્રાલય, નવી દિલ્હીના તા.૧૨/૦૮/૨૦૧૬ના રોજ દિલ્હી ખાતે રાખવામાં આવેલ **National Scolarships Portal (N.S.P. 2.0) New Verson** ના વર્કશોપમાં થયેલી ચર્ચા તથા **Website, Registeration, Fresh-Renewal** અરજી પત્રકો વિગેરે ટૂંક સમયમાં **N.I.C.** દ્વારા કરવામાં આવનાર સુધારાઓ ધ્યાનમાં રાખીને નીચે મુજબ જિલ્લા કક્ષા / કોલેજો / યુનિવર્સીટી મારફતે અમલ કરવાનો રહેશે.

➢ લઘુમતીના વિદ્યાર્થીઓ માટેઃ-

(૧) મેરીટ કમ મીન્સ તકનીકી અને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો માટે **Online** ફોર્મ **scholarship.gov.in (N.S.P. 2.0)** પર ભરવાના રહેશે.

(૨) **Fresh** વિદ્યાર્થીઓએ નવુ રજીસ્ટ્રેશન કરી **GJ201617********** વાળુ **Parment ID** મળે તેના આધારે નવુ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.

(૩) વર્ષ ૨૦૧૫-૧૬ના વિદ્યાર્થીના બેન્ક ખાતામાં શિષ્યવૃત્તિ જમા થઇ હોય તેવા વિદ્યાર્થીઓએ ફરજીયાત **Renewal** અરજી પોતાના ગત વર્ષના **Parment ID** તથા જન્મ તારીખને પાસવર્ડ તરીકે ઉપયોગ કરીને કરવાની રહેશે.

(૪) **Fresh – Renewal** બન્ને માટે આધાર નંબર, વિદ્યાર્થીનો પોતાના નામ સાથેનું વ્યક્તિગત નામ સાથેનું બેન્ક એકાઉન્ટ તથા તે બેન્ક એકાઉન્ટ **ONLINE** અરજી આપે તે આધાર નંબર સાથે બેન્કમાં લીન્ક **(Seeding)** કરાવવું ફરજીયાત છે.

(૫) હાલ **ONLINE** ડોક્યુમેન્ટ **Upload**માં ડોમીસાઇલ સર્ટીફીકેટ બતાવે છે. પરંતુ વર્કશોપમાં ચર્ચા થયા મુજબ ડોમીસાઇલમાં બદલે અરજીની હાર્ડકોપી સાથે રહેણાંકના પુરાવા અને

ગુજરાતના વતની હોવા અંગેના રેશનકાર્ડની નકલ, લાઇટ બીલની નકલ, આધારકાર્ડની નકલ જેવા સાધનિક પૂરાવાઓ આપવાના રહેશે.

(૬) મેરીટ કમ મીન્સ માં **ONLINE** અરજીમાં રૂા.૫૦,૦૦૦/- સુધીની મળવાપાત્ર શિષ્યવૃત્તિ માટે કોઈ ડોક્યુમેન્ટ **UPLOAD** કરવાના નથી. પરંતુ **ONLINE** ફ્રેશ/રીન્યુઅલ અરજી ભર્યા બાદ **Website**માં **Submit** કર્યા બાદ **PRINT OPTION** માં જઈ અરજીની પ્રિન્ટ લઈ અરજી સાથે અગાઉની જાહેરાત મુજબના જરૂરી આધાર પુરાવાઓ સામેલ કરી વિદ્યાર્થીએ પોતાની કોલેજના આચાર્યશ્રી / પ્રિન્સિપાલશ્રી / રજીસ્ટારને / કોલેજમાં / યુનિવર્સીટીમાં અરજીની હાર્ડ કોપી સાધનિક કાગળો સાથે નિયત સમય મર્યાદામાં આપવાની રહેશે.

(૭) લઘુમતી પ્રમાણપત્ર / ધર્મ અંગેનું સેલ્ફ ડીકલેરેશન, આવકનું પ્રમાણપત્ર / આવક અંગેનું સેલ્ફ ડીકલેરેશન, વાર્ષિક ફીની પહોંચ, ગતવર્ષની માર્કશીટની નકલ, આધાર કાર્ડની કોપી, બેન્ક એકાઉન્ટની પાસ બુકની કોપી વિગેરે જેવા ચાલું વર્ષની જાહેરાતમાં દર્શાવ્યા મુજબના તમામ સાધનિક પુરાવા હાર્ડકોપી સાથે સામેલ કરી કોલેજ / યુનિવર્સીટીમાં સમય મર્યાદામાં જમા કરાવવાના રહેશે.

ઉપરોક્ત આધાર પુરાવાઓમાં કોઈ વિદ્યાર્થી/પિતા વાલી તરફથી ખોટી માહિતી પુરી પાડવામાં આવશે અને સરકારશ્રીના ધ્યાન પર આવ્યેથી અલ્પ સંખ્યક કાર્ય મંત્રાલય, નવી દિલ્હીની સુચના મુજબ તેઓ પર કાયદાકીય પગલા લેવામાં આવશે.

➢ <u>કોલેજો / યુનિવર્સીટી માટેઃ-</u>

(૮) ગત વર્ષ જે કોલેજો / યુનિવર્સીટી **National Scholarship Portal** પર રજીસ્ટર્ડ થઇ ગયેલ હોય તેઓને પોતાના ગત વર્ષના **User – ID / Passward** નો ઉપયોગ કરી **Fresh – Renewal** અરજી વેરીફીકેશન કરી **Forward** કરવાની રહેશે.

(૯) કોલેજના આચાર્યશ્રી / પ્રિન્સિપાલશ્રી / રજીસ્ટારને / કોલેજમાં / યુનિવર્સીટીએ પોતાની કોલેજ / યુનિવર્સીટીના તમામ વિદ્યાર્થીઓની અરજીની હાર્ડકોપી જરૂરી સાધનિક પૂરાવાઓ સાથેની સ્વીકારી સમય મર્યાદામાં પોતાને મળેલ તમામ અરજીઓ માટે કોલેજના આચાર્યશ્રી / પ્રિન્સિપાલશ્રી / રજીસ્ટારને / કોલેજમાં / યુનિવર્સીટીના **USER ID** અને **PASSWORD**નો ઉપયોગ કરી અરજીની હાર્ડકોપીના આધારે **ONLINE** અરજી મંજુર / નામંજુર કરી આગળના લેવલે **FORWARD** કરવાની રહેશે. તેમજ હાર્ડ કોપી કોલેજે / યુનિવર્સીટીએ રેકર્ડમાં રાખવાની રહેશે. જિલ્લા / રાજયના અધિકારીની મુલાકાતમાં અરજીઓ તપાસણી માટે રજુ કરવાની રહેશે.

(૧૦) ભારત સરકાર દ્વારા મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિમાં આઇ.આઇ.ટી., આઇ.આઇ.એમ., નીફ્ટ, જેવી નામાંકિત લીસ્ટેડ ઇન્ટીટ્યુટ માં શિષ્યવૃત્તિ માટે કોલીફાઇડ થયેલ વિદ્યાર્થીને રૂા.૫૦,૦૦૦/- કરતાં વધુ રકમની શિષ્યવૃત્તિ મળવાપાત્ર થાય તેવા તમામ વિદ્યાર્થીઓએ

વેબસાઇટમાં દર્શાવેલ તમામ સાધનિક પૂરાવાઓ અગાઉની જાહેરાતમાં જણાવ્યા પ્રમાણે **UPLOAD** કરવાના રહેશે. તેમજ સાધનિક કાગળો સહિતની **Online** અરજીની હાર્ડકોપી પોતાની કોલેજ / યુનિવર્સીટીના પ્રિન્સીપાલશ્રીને સમય મર્યાદામાં આપવાની રહેશે.

(૧૧) મેરીટ કમ મીન્સ નો **National Scolarships Portal (N.S.P. 2.0)** નો વર્ક ફ્લો નીચે મુજબ વિદ્યાર્થી ⟶ કોલેજ ⟶ જિલ્લો ⟶ રાજય ⟶ કેન્દ્ર.

(૧૨) ગત વર્ષે **National Scolarships Portal** માં રજીસ્ટર માટે બાકી રહેલ રાજયના સરકારી / ગ્રાન્ટ ઇન એઇડ / સ્વનિર્ભર / કોલેજો / યુનિવર્સીટીનો સમાવેશ થયેલ નથી. તેનું નવું રજીસ્ટ્રેશન, **User ID, Passward** આપવા માટે આ સાથેના નિયત ફોર્મ મુજબની માહિતી દરેક જિલ્લાને દિન-૧૦માં **Excel Format** માં એકત્ર કરી તાત્કાલિક માહિતી કોલેજ / યુનિવર્સીટી પાસેથી મેળવી લેવાની રહેશે.

(૧૩) **National Scolarships Portal (N.S.P. 2.0)** પર ઓપ્શન ઉપલબ્ધ થયેથી જિલ્લાઓને અને નવી રજીસ્ટર થનાર કોલેજના આચાર્યશ્રી / પ્રિન્સિપાલશ્રી / રજીસ્ટારને / કોલેજમાં / યુનિવર્સીટીઓને **User ID, Passward** વેબ સાઇટમાં દર્શાવેલ સંબંધિત કાર્યવાહી મુજબ રાજય કક્ષાએ / જિલ્લા કક્ષાએથી આપવામાં આવશે.

ઉપરોકત સુચનાઓ સંબંધિત કોલેજના આચાર્યશ્રી / પ્રિન્સિપાલશ્રી / રજીસ્ટારને / કોલેજમાં / યુનિવર્સીટીને જિલ્લા કક્ષાએથી તુરત જ વિગતવાર પરિપત્ર દ્વારા લઘુમતીના વિદ્યાર્થીઓ ધરાવતી તમામ કોલેજો / યુનિવર્સીટીઓને મોકલી આપવાની રહેશે. તેમજ રાજય સરકારની મેરીટ કમ મીન્સ યોજના તેમજ મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનામાં અરજી કરેલ હોય, તેવા વિદ્યાર્થીઓ આ યોજના હેઠળ પણ આવરી લેવામાં ન આવે તે માટે ઉચ્ચત્તર માધ્યમિક શાળા / કોલેજો / યુનિવર્સીટીઓને વિગતવાર જાણ કરવાની રહેશે.

(૧૪) **National Scolarships Portal (N.S.P. 2.0)** ભારત સરકાર દ્વારા **N.I.C.** મારફતે ટેકનીકલ રીતે જરૂરી સુધારા વધારા થતા રહેતા હોય, તેમજ વેબસાઇટ અપગ્રેડેશન માં હોવાથી જે તે વખતના વિદ્યાર્થી, શાળા, કોલેજો, યુનિવર્સીટીઓ જિલ્લા કક્ષાએ, રાજય કક્ષાએ તે મુજબ **Online** કામગીરી કરવાની રહેશે.

(૧૪) મેરીટ કમ મીન્સની અલ્પસંખ્યક કાર્યમંત્રાલય દ્વારા આપવામાં આવેલી વર્ષ ૨૦૧૬-૧૭ની **Time Line** નીચે મુજબ છે.

- **Fresh – Renewal** તા.૩૧/૧૦/૨૦૧૬

આપનો વિશ્વાસુ,

બિડાણ :- ઉપર મુજબ

(નરેન્દ્ર ગુરૂન્ગ)
સંયુક્ત નિયામક
વિકસતી જાતી કલ્યાણ
ગુજરાત રાજય, ગાંધીનગર

D:\destop files\PATRA\2016-17\PATRA 2016-17.docx

| DEVELOPING CAST WELFARE DEPARTMENT GUJARAT STATE GANDHINAGAR | | |
|---|---|---|
| SCHOOL/COLLEGE/INSTITUTE REGISTRATION DETAILS | | |
| 1 | Institute Name (As per Dise/Aishe) | |
| 2 | Dise/Aishe Code | |
| 3 | Institute Nature | |
| 4 | Board/University Name | |
| 5 | Board State | |
| 6 | Course Level Offered | |
| 7 | Institute Address | |
| 8 | Institute State | GUJARAT |
| 9 | Institution District | RAJKOT |
| 10 | Institution Taluka/Block | |
| 11 | Institute Pin Code | |
| 12 | Registered Certificate પ્રથમ માન્યતાનો મંજુરી હુકમ સોફ્ટ ૧૦૦ kb સુધીમાં | |
| **Contact Person Details** | | |
| 1 | Name | |
| 2 | Mobile No. | |
| 3 | E-Mail | |

નોંધ ::- -આ વિગતો સાથે શાળા/કોલેજ/સંસ્થાનો માન્યતા પત્ર/હુકમની નકલ ૧૦૦ kb સુધીમાં સોફ્ટકોપીમાં મોકલવી.

Course Level Offered માં નીચેઆપેલ લીસ્ટમાંથી કોઇ એક લખવાનું રહેશે.

1 School I-X STD 1 To 10 ← પ્રીમેટ્રીકમાં આજ લખવું
2 HSC / Intermediate 11-12
3 College Level